RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 223* Date: 03.06.2023, Saturday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# જીએસટી કલેક્શન સતત ત્રીજા મહિને રૂ.૧.૫ લાખ કરોડને પાર




નવી દિલ્હી

જીએસટી મારફતની કેન્દ્ર સરકારની આવક મે મહિનામાં સતત ત્રીજા મહિને ૨૧.૫૦ લાખ કરોડને વટાવી ગઈ હતી. મેમા જીએસટી કલેક્શન ૧૨ ટકા ઉછળી ૨૧.૫૭ લાખ કરોડ થયું હતું. ગયા વર્ષથી તમામ રાજ્યોના આર્થિક દેખાવમાં સતત સુધારાને કારણે જીએસટીની આવકમાં પણ વધારો થઈ રહ્યો છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મે, ૨૦૨૩માં ગુડ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ની કુલ આવક ૨૧,૫૭,૦૯૦ કરોડ રહી હતી. તેમાં સેન્ટ્રલ જીએસટીના ૨૨૮,૪૧૧ કરોડ, સ્ટેટ જીએસટીના ૨૩૫,૮૨૮ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટીના ૨૮૧,૩૬૩ કરોડ અને ૨૧૧,૪૮૯ કરોડની સેસનો સમાવેશ થાય છે.મે ૨૦૨૩ દરમિયાન ગૂડ્સની આયાત પરના જીએસટીની આવકમા ૧૨ ટકાનો અને ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન પરના ટેક્સની આવકમાં ૧૧ ટકાનો વધારો થયો હતો. જીએસટી મારફતની સરકારની આવક ૨૧.૫૦ લાખ કરોડની વટાવી ગઈ હોય તે મે સતત ત્રીજો મહિનો હતો. એપ્રિલમાં જીએસટીની આવક ૨૧.૮૭ લાખ કરોડની અત્યાર સુધીની સૌથી વધુ રહી હતી, જયારે માર્ચમાં જીએસટીની આવક ૨૧.૬૯ લાખ કરોડ રહી હતી.

ICRAના ચીફ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે જણાવ્યું હતું કે મે ૨૦૨૩માં જીએસટીની આવક ધારણા કરતાં સાધારણ વધુ રહી છે. આગામી થોડા મહિનામાં જીએસટીની આવક ૨૧.૫૫થી ૧.૬૫ લાખ કરોડ રહેવાનો અંદાજ છે અને તેમાં વાર્ષિક ધોરણે ૧૦થી ૧૧ ટકાનો વધારો થઈ શકે છે.

ઈવાય ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે મે ૨૦૨૩ માટે જીએસટી કલેક્શનના આંકડા ભારતની મેક્રો ઈકોનોમિક સ્થિરતા અને સતત આર્થિક વૃદ્ધિ મોમેન્ટમમાં વિશ્વાસને વધુ મજબૂત કરે છે. તેમાં વાર્ષિક ૧૨% વૃદ્ધિનો અંદાજ છે.મે સળંગ ૧૪મો મહિનો છે કે જેમાં જીએસટીની માસિક આવક ૨૧.૪ લાખ કરોડથી વધુ થઈ હતી. ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ જીએસટી લાગુ થયા પછી ૫મી વખત જીએસટી કલેક્શન ૨૧.૫ લાખ કરોડના આંકને વટાવી ગયું છે. ડેલોઈટ્સના ઈન્ડિયા નેશનલ હેડ (ડાયરેક્ટ ટેક્સ) અભિષેક જૈને જણાવ્યું હતું કે જીએસટી કલેક્શન આ નાણાકીય વર્ષ માટે સરકારના બજેટ અંદાજો મુજબ રહ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૩ પહેલા શ્રેણીબદ્ધ જીએસટી ઓડિટ થવાના હોવાથી આગામી મહિનામાં તેમાં વધુ વધારો થવાની ધારણા છે.

## ભાગવતે કહ્યું- ઇસ્લામની પૂજા ફક્ત ભારતમાં જ સુરક્ષિત છેઃકહ્યું - કેટલાક ધર્મો ભારતની બહારના હતા

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના વડા મોહન ભાગવતે કહ્યું કે, ઈસ્લામની પૂજા ફક્ત ભારતમાં જ સુરક્ષિત રીતે થાય છે. કેટલાક ધર્મો ભારતની બહારના હતા, જે બહારના હતા તે જતા રહ્યા છે. પણ હવે તેને સુધારવાની જવાબદારી આપણી છે. ગુરુવારે નાગપુરના સંઘ શિક્ષા વર્ગ કાર્યક્રમનાં ભાગવતે સંબોધન કર્યું હતું.ભાગવતે વધુમાં કહ્યું કે સ્પેનથી લઈને મંગોલિયા સુધી આખી દુનિયામાં ઈસ્લામનું આક્રમણ રહ્યું હતું. ધીમે ધીમે ત્યાંના લોકો જાગી ગયા. તેઓએ આક્રમણકારોને હરાવ્યા, તેથી ઈસ્લામ તેના પ્રભાવના ક્ષેત્રમાં સંકોચાઈ ગયો. વિદેશીઓ ત્યાંથી ચાલ્યા ગયા, પરંતુ જયાં ઈસ્લામની પૂજા સલામત રીતે ચાલે છે, તે અહીં (ભારતમાં) સલામત રીતે ચાલે છે.ભાગવતે કહ્યું કે દરેક વ્યક્તિએ ભારતની એકતા અને અખંડિતતા માટે પ્રયત્ન




કરવો જોઈએ. તેમણે કહ્યું કે સરહદો પર ખરાબ નજર રાખનારા દુશ્મનોને તાકાત બતાવવાને બદલે અમે એકબીજાની વચ્ચે લડી રહ્યા છીએ. દેશમાં ભાષા, સંપ્રદાય અને સુવિધાઓને લઈને તમામ પ્રકારના વિવાદો થઈ રહ્યા છે.તેમણે કહ્યું કે આપણે ભૂલી રહ્યા છીએ કે આપણે એક દેશ છીએ. કેટલાક ધર્મો ભારતની બહારના હતા અને અમે તેમની સાથે યુદ્ધો કર્યા હતા, પરંતુ બહારના લોકો તો જતા રહ્યા??? છે, હવે બધા અંદરના છે. તેમ છતાં તેઓ બહારના લોકોના પ્રભાવ હેઠળ છે. આપણે સમજવું પડશે કે તેઓ આપણા લોકો છે.

## સુપ્રીમે ૨૦૦૦ની નોટ અંગે તાત્કાલિક સુનાવણી કરવાની માગ ફગાવી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ૨૦૦૦ રૂપિયાની નોટ એક્સચેન્જ કરાવવાના આરબીઆઈના નોટિફિકેશનને પડકારતી અરજીની તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. ન્યાયમૂર્તિ સુધાંશુ ધુલ્લા અને ન્યાયમૂર્તિ કે વી વિશ્વનાથનની વેકેશન બેન્ચે તાત્કાલિક સુનાવણીની અરજકર્તા એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની માગ ફગાવી હતી. ખંડપીઠે જણાવ્યું હતું કે અમે આ પ્રકારના કેસોની સુનાવણી ઉનાળાના



વેકેશનમાં કરતા નથી. તાત્કાલિક સુનાવણીની માગ કરતા અરજકર્તાએ જણાવ્યું હતું કે ૨૦૦૦ રૂપિયાની નોટ પણ કોઇ પણ આઇડી પ્રુફ વગર બદલવામાં આવી રહી છે. જે યોગ્ય નથી.અરજકર્તાએ દાવો કર્યો હતો કે ખૂબ જ થોડાક સમયમાં બેંકો દ્વારા ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની બે હજારની નોટો બદલવામાં આવી છે.

## રાજદ્રોહનો કાયદો આંતરિક સુરક્ષા માટે જરૂરી, તેને રદ ન કરશો; કાયદાપંચે સજા વધારવાની કરી ભલામણ

રાજદ્રોહના કાયદાને રદ કરવાની જરૂર નથી. આ ભલામણ ભારતના કાયદા પંચ દ્વારા રાજદ્રોહ કાયદાને લઈને કરવામાં આવી છે. પંચે કેટલાક ફેરફારો સાથે રાજદ્રોહના કાયદાને જાળવી રાખવાની ભલામણ કરી છે. આ અંગેનો રિપોર્ટ કાયદા મંત્રાલયને મોકલવામાં આવ્યો છે. ભારતના કાયદા પંચનું કહેવું છે કે ભારતીય દંડ સંહિતામાં રાજદ્રોહનો ગુનો (કલમ ૧૨૪છ) કેટલાક ફેરફારો સાથે જાળવી રાખવો જોઈએ. પંચે વધુ સ્પષ્ટતા માટે કાયદામાં સુધારાની ભલામણ કરી છે.

કાયદા પંચે જણાવ્યું છે કે ભારતીય દંડ સંહિતા ઁ(ઝ)માં કલમ ૧૨૪છને જાળવી



રાખવાની જરૂર છે. જોકે, કેદારનાથ સિંહ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાના તથ્યોને સામેલ કરીને કેટલાક સુધારા કરી શકાય છે, જેથી જોગવાઈના ઉપયોગ અંગે વધુ સ્પષ્ટતા લાવી શકાય. તેમાં કહેવામાં આવ્યું છે કેઁઝની કલમ ૧૨૪છ જેવી જોગવાઈની ગેરહાજરીમાં સરકાર વિરુદ્ધ હિંસા ઉશ્કેરતી કોઈપણ અભિવ્યક્તિ પર વિશેષ કાયદાઓ અને આતંકવાદ વિરોધી કાયદાઓ હેઠળ કાર્યવાહી થવી જોઈએ, જેમાં આરોપીઓ સાથે વ્યવહાર કરવા માટે ઘણી વધુ કડક જોગવાઈઓ છે.રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે,ઁઝ કલમ ૧૨૪છને અમુક દેશોએ રદ કરી છે તેના આધારે રદ કરવું યોગ્ય નથી, કારણ કે આવું કરવું એ ભારતમાં જમીની વાસ્તવિકતા સામે આંખ આડા કાન કરવા જેવું હશે.- રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેને રદ કરવાથી દેશની અખંડિતતા અનેસુરક્ષા પર અસર પડી શકે છે. ઘણીવાર એવું કહેવામાં આવે છે કેરાજદ્રોહનો ગુનો એયુગ (બ્રિટિશ યુગ) પર આધારિત વસાહતી વારસો છે જેમાં તે ઘડવામાં આવ્યો હતો. ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓ સામે તેના ઉપયોગના ઈતિહાસને જોતાં આ ખાસ કરીને સાચું છે, પરંતુ ભારતીય કાયદાકીય વ્યવસ્થાનું સમગ્ર માળખું સંસ્થાનવાદી વારસો છે.

## નવી સંસદના ચીની સરકારી મીડિયાએ ભારોભાર વખાણ કર્યાં

બેઈજિંગ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા દિવસ પહેલા જ સંસદની નવી બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સમારંભનો કોંગ્રેસ, ટીએમસી સહિત કુલ ૧૯ પાર્ટીઓએ બહિષ્કાર કર્યો હતો અને રાષ્ટ્રપતિ દ્વારા તેનું ઉદ્ઘાટન ના કરાવવાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન તાક્યુ હતું. પરંતુ, પાડોશી દેશ ચીનના સરકારી ન્યુઝપેપર ગ્લોબલ ટાઈમ્સમાં સંસદની નવી ઈમારતના પૂરજોર વખાણ કરવામાં આવ્યા છે. ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સના સંપાદકીયમાં કેન્દ્ર સરકારના ભારોભાર વખાણ કરવામાં આવ્યા છે. તેમણે બ્રિટિશ શાસનના ચિન્હોને નાબુદ કરવાની ભારત સરકારની નીતિનું સમર્થન કરતા જણાવ્યું છે કે, સંસદની નવી ઈમારત સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક ભાગ છે, જેના માધ્યમથી બ્રિટિશ શાસનની છાપ હટાવીને આત્મનિર્ભર ભારતના નવા સીમા ચિન્હો બનાવવામાં આવી રહ્યાં છે. સંપાદકીયમાં આગળ કહેવામાં આવ્યું છે કે, સંસદની નવી બિલ્ડિંગની કિંમત લગભગ રૂપિયા ૯૮૯ કરોડ હોવાનું માનવામાં આવી રહ્યું છે. જેમાં, ભારતના પારંપરિક ચિન્હો જેવા કે, મોર, કમળ અને વડના ઝાડનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત સરકારે ૧૯૬૮માં ઈન્ડિયા ગેટની સામે આવેલી કિંગ જ્યોર્જ પાંચમાંની મૂર્તિ હટાવીને બ્રિટેનની ગુલામીના સમયના ચિન્હો હટાવવાની શરૂઆત કરી હતી.

## વોશિંગ્ટનમાં પ્રેસ ક્લબમાં રાહુલે કહ્યું- લોકશાહી દેશમાં પ્રેસની સ્વતંત્રતા જરૂરી, ૨૦૨૪માં ભાજપ હારશે




અમેરિકાના પ્રવાસે પહોંચેલા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પીએમ નરેન્દ્ર મોદી સામે જોરદાર નિશાન સાધ્યું હતું. વોશિંગ્ટનમાં નેશનલ પ્રેસ ક્લબ ખાતે મીડિયાના પ્રશ્નોના જવાબ આપતાં તેમણે કહ્યું કે કર્ણાટકની ચૂંટણી અમે બેરોજગારી અને વધતી મોંઘવારીને કારણે જીતી શક્યા છે. અમે એમ ન કહી શકીએ કે ભારતીય અર્થતંત્ર શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યું છે. હાં તેમણે એમ જરૂર કહ્યું કે હવે વિપક્ષ એકજૂટ થઈ રહ્યું છે અને આગામી ૨૦૨૪માં પીએમ મોદી અને ભાજપનો પરાજય નક્કી છે. રાહુલે કહ્યું કે આપણે એવી સ્વતંત્ર સંસ્થાઓની જરૂર છે જે કોઈના દબાણમાં ન આવે. સંસ્થાઓની સ્વતંત્રતા પર સકંજો કસવામાં આવી રહ્યો છે.

## જમ્મુ- કાશ્મીરના રાજૌરીના દસલમાં આતંકવાદીઓ અને સેના વચ્ચે અથડામણ, એક આતંકવાદી ઠાર

જમ્મુ-કાશ્મીરના રાજૌરી સેક્ટરમાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ શરૂ છે. જંગલની અંદર બંને તરફથી ગોળીબાર થઈ ગયો છે. અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો છે. સુરક્ષાદળો દ્વારા



સર્ચ ઓપરેશન ચાલુ છે. રાજૌરી સેક્ટરના દસલ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ પહેલા ગઈકાલે સાંબા સેક્ટરમાં બીએસએફ જવાનોએ સરહદ પર એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો હતો.

## ભારત 3 જુલાઈએ રચશે ઈતિહાસ, ચંદ્રયાન-3 લોન્ચ કરશે : ઈસરોના ચીફ

ભારત આવતા મહિનાની ૩જી જુલાઈએ નવો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. ભારતની મદદ માટે રશિયા પણ આગળ આવ્યું છે અને તેણે તેના મૂન લેન્ડર મિશનને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. જેથી ભારતના ચંદ્રયાન-૩ને ચંદ્ર પર ઉતરવામાં સફળતા મળી શકે.

જો ભારત ચંદ્રયાન-૩ને લોન્ચ કરવામાં સફળ થશે તો તે ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે. આ અગાઉ અમેરિકા, રશિયા અને ચીન તેમના ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરી ચૂક્યા છે. ચંદ્રયાન મિશન ૨૨ જુલાઈ



૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. જો કે તે સમયે ચંદ્રયાન લોન્ચ કરનાર લેન્ડર વિક્રમ ક્રેશ થઈ ગયું હતું. આ સમયથી જ ભારત ચંદ્રયાન-૩ની તૈયારી કરી રહ્યું છે.ચંદ્રયાનના લોન્ચીગ અંગે ઈસરોના ચીફ સોમનાથે કહ્યું કે અમે મિશન ચંદ્રયાન-૨માં ભલે નિષ્ફળ ગયા હોય પરંતુ ચંદ્રયાન-૩ની સફળતાથી ઈતિહાસ રચીશું. અમે ભૂતકાળની નિષ્ફળતામાંથી શીખીને આગળ વધ્યા છીએ.

## તંત્રી લેખ......

# વિદેશમાં બફાટ

નફરતના બજારમાં મહોબ્બતની દુકાન ખોલવાનો દાવો કરતા રાહુલ ગાંધી વિદેશમાં જઈને આ દુકાનમાંથી જેવાં નિવેદનો આપી રહ્યા છે, તે વિભાજનકારી, ઉશ્કેરણીજનક અને ભારત વિરોધી તાકાતોને બળ આપનારા છે. તેનું તાજું પ્રમાણ છે સાન ફ્રાન્સિસ્કોમાં તેમના દ્વારા આપવામાં આવેલું એ નિવેદન કે આજે ભારતમાં મુસલમાનોની જે સ્થિતિ છે, તે ઠીક એવી જ છે જેવી પાછલી સદીના નવમા દાયકામાં ઉત્તર પ્રદેશમાં દલિતોની હતી. તેમના અનુસાર આજે જે સ્થિતિમાં મુસલમાન સમુદાય છે, તેવી જ દેશના તમામ અલ્પસંખ્યક સમુદાય એટલે કે શીખો, ઈસાઈઓની સાથે દલિતો અને આદિવાસીઓની પણ છે. તેમનું માનીએ તો મુસ્લિમ સહિત અન્ય અલ્પસંખ્યક ડરેલા છે. રાહુલ ગાંધીએ કંઈક આ જ પ્રકારનાં નિવેદન થોડા સમય પહલાં પોતાની લંડન યાત્રા દરમ્યાન પણ આપ્યાં હતાં. ત્યારે તેમની ભારે ટીકા થઈ હતી, પરંતુ સ્પષ્ટ છે કે તેમને કશી અસર નથી થઈ. તેઓ કઈ રીતે સમજ્યા-વિચાર્યા વિના બોલી નાખે છે, તેનું પ્રમાણ એ કહેવું છે કે આજે મુસલમાનોની એ જ સ્થિતિ છે, જે એક સમયે ઉત્તર પ્રદેશમાં દલિતોની હતી. તેઓ એ સમયનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જ્યારે ઉત્તર પ્રદેશની સાથે કેન્દ્રમાં પણ કોંગ્રેસની સરકાર હતી. શું તેઓ એમ કહેવા માંગે છે કે કોંગ્રેસના શાસન સમયે દલિતોનું ઉત્પીડન થઈ રહ્યું હતું? સ્પષ્ટ છે કે તેઓ એ પણ ભૂલી ગયા કે ૧૯૮૪માં જ્યારે રાજીવ ગાંધી વડાપ્રધાન હતા, ત્યારે દિલ્હી અને કેટલાંક બીજાં શહેરોમાં શીખો વિરુદ્ધ કેવો સંહાર થયો હતો. તેમને એ પણ યાદ અપાવવાની જરૂર છે કે કોંગ્રેસના જ શાસનમાં હાશિમપુરા, મલિયાના, ભાગલપુર વગેરે રમખાણોમાં શું થયું હતું?

રાહુલ ગાંધીનું વારંવાર એમ કહેવું કે મુસલમાન સહિત અન્ય અલ્પસંખ્યકો ડરેલા છે અને તેમની સાથે બીજા દરજ્જાનો વ્યવહાર થઈ રહ્યો છે, એ દેશી-વિદેશી તાકાતોના મનની મુરાદ પૂરી કરનારું છે, જે એવો દુષ્પ્રચાર કરી રહી છે કે ભારતમાં અલ્પસંખ્યકો અને વિશેષ રૂપે મુસલમાનોની મુસીબત વધી ગઈ છે. એવો દુષ્પ્રચાર કરનારામાં પાકિસ્તાન પણ છે અને અલકાયદા જેવું આતંકી સંગઠન પણ.

# કૃષ્ણ રસ દર્શન -ભાગ-૧

## લેખનઃ ભરત સાંગાણી



અર્જુનની વિષાદમય સ્થિતિ ગીતાના જન્મનું કારણ બને છે, ગીતા મહાભારતના ઉદ્યાનમાં અઢાર શાખામાં વિસ્તરેલું રમણીય અને ઘટાદાર મહાદ્રુમ. ગીતાના અધ્યાય મોઢે હોય એ પણ બહુ હરખવા જેવી બાબત નથી. ક્યારેક એ ય અહંકારને પોષનારી બાબત બની શકે છે.દેડકો ડ્રાંઉં ડ્રાંઉં કરે અને કોઈ વગર સમજે ગીતા પાઠ કરે , એ બે બાબતો વચ્ચે ઝાઝો તફાવત ન હોય શકે.

ખરેખર તો બે પાકાં પૂંઠા વચ્ચેના કાગળો પર છપાયેલા શ્લોકો , આપણા સ્ખલન વખતે ટોકે અને રોકે તો જ કંઈક વળે. આવી આત્મીયતા ન કેળવાય ત્યાં સુધી ગીતા, છપાયેલા કાગળોની નિર્જીવ થપ્પી જ ગણાય.

વેદો આપણા મૂલ્યવાન સંદર્ભ ગ્રંથો છે. ઉપનિષદો આપણા પાઠ્યપુસ્તકો છે,ગીતા આપણી માર્ગદર્શિકા છે.

જ્ઞાનની દષ્ટિએ કૃષ્ણ યોગેશ્વર છે, ભક્તિની દષ્ટિએ રસેશ્વર છે અને કર્મની દષ્ટિએ રાજેશ્વર છે. આ ત્રણેય જીવન માર્ગોના સમન્વયમાંથી આપણને ગીતાના સર્વેશ્વર કૃષ્ણ પ્રાપ્ત થાય છે.

ગીતાની શરૂઆત 'વિષાદ યોગ'થી અને એનો અંત 'મોક્ષસંન્યાસ યોગ'થી. વિષાદ સાથે યોગને જોડી શ્રીવ્યાસે કમાલ કરી છે.

માણસે જીવનમાં શુ કરવું એ રામાયણ શીખવે છે અને શું ન કરવું તે મહાભારત શીખવે છે. દુધનો સાર ઘી છે ફૂલનો સાર મધ છે; તે રીતે મહાભારતનો સાર શ્રીમદ ભગવદ ગીતા છે.

અધર્મના પક્ષમાં ઉભા રહેલા પોતાના સગાસંબંધીઓ , ગુરુ,પિતામહ ભીષ્મ, ભાઈઓ, મામા, મોસળિયા , સાસરિયા,મિત્રો વગેરેની સામે યુદ્ધ કરવાની વાતથી દુઃખી અને મોહથી વિષાદગ્રસ્ત અર્જુન યુદ્ધ કરવાની ના પાડે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાનો આ પવિત્ર ઉપદેશ આપીને તેનું મૂળ સ્વરૂપ સમજાવ્યું .

ભગવાને અર્જુનને યુદ્ધના આરંભ કરવાને સમયે આપેલ ઉપદેશ વખતે સંજય યુદ્ધભૂમિ ઉપર જ હતો. યુદ્ધના દસમા દિવસે ભીષ્મ પડ્યા ત્યારે સંજયે ત્યાંથી હસ્તિનાપુર જઈ ધૃતુરાષ્ટ્રને આ સમાચાર આપ્યા . ત્યારે યુદ્ધનો વૃતાંત ધ્રૂતુરાષ્ટ્રએ તેને પૂછતાં તેણે તે આરંભથી કેહવા માંડ્યો ,તેમાં આ ભગવાને અર્જુનને કહેલો ઉપદેશ પણ કહ્યો. જીવાત્મા અર્જુન અને પરમાત્મા કૃષ્ણ વચ્ચેનો સંવાદ .

માયાના આવરણમાં અંધ અને મારા તારા (મામકા-પાંડવા) ની ભેદબુદ્ધિથી ગ્રસ્ત એવો જીવ એટલે ધ્રૂતુરાષ્ટ્ર. આ અર્થમાં આપણે સૌ ધ્રૂતુરાષ્ટ્ર છીએ.એના પ્રશ્નથી ગીતાની શરૂઆત થાય છે . આપણો અંધાપો એટલે આપણા મનનો અંધાપો . આપણા સૌમાં રહેલ ધ્રૂતુરાષ્ટ્રને ઢંઢોળવાનો છે અને અંતે આપણામાં જ રહેલા કૃષ્ણને પામવાનો છે .

ગીતાનો પ્રથમ પ્રશ્ન શંકાશીલ અને સંદેહસભર માનવ મન પૂછે છે અત્રે ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર એમ બે શબ્દો વપરાયા છે. તેમાં ક્ષેત્રનો અર્થ શરીર કે દેહ થાય છે . શરીર એ કર્મક્ષેત્ર એટલે કર્મનું સાધન છે જે કુરુક્ષેત્ર છે . દેહ વગર કર્મ શક્ય નથી . પુણ્ય કર્મ દ્વારા જ ધર્મની પ્રાપ્તિ થાય છે. તેથી તે ધર્મ ક્ષેત્ર કહેવાય છે.

અર્જુન આમ તો વીર હતો , પરંતુ મોહને કારણે કાયર બની ગયો. ગીતાનો ઉપદેશ મોહ નિરસન છે. સમાધાન માટેના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા પછી યુદ્ધ આવી પડ્યું છે . કુરુક્ષેત્રમાં બંને સેનાઓ સામસામે ગોઠવાઈ ગઈ છે તેનું વર્ણન શ્લોક ૨ થી ૧૯ માં ૧૮ શ્લોકો દ્વારા સંજય કરે છે અને તે દ્વારા તે પાંડવો ધર્મીષ્ઠ છે અને ભગવાન ભક્ત છે એ વર્ણનો દ્વારા પ્રતિપાદન કરે છે . અને ઉભય સૈન્યના યુદ્ધોત્સવનો વૃતાંત કહ્યો.

આ અધ્યાયના શ્લોક ૨૦થી ભગવદગીતાનો આરંભ કરે છે .

હવે યુધ્ધમાં પ્રવૃત થયેલા અર્જુનને બંધુનાશના વિચારથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે તે ૨૦ થી ૨૩ ચાર શ્લોકો દ્વારા વૈરાગ્યનું કારણ દર્શાવે છે.

અર્જુને શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તમ રથને ઉભય સેનાની વચ્ચે, ભીષ્મ, દ્રોણ અને સર્વ રાજાઓની સામે ઉભો રાખીને , અર્જુનને એકઠા થયેલા કુરુઓને જોવા અર્જુન ને કહ્યું. ( શ્લોક ૨૪-૨૫)

અર્જુને બંને સેનામાં ઉભેલા વડીલો , પિતામહો, આચાર્યો , મામાઓ, ભાઈઓ , પુત્રો, પૌત્રો, મિત્રો ,સસરા તથા સ્નેહીઓને જુએ છે.( શ્લોક ૨૬-૨૭)

અર્જુન ક્ષત્રિય છે . યુદ્ધોત્સવ જોઈ ને ક્ષત્રિય ને ઉત્સાહ જ ઉત્તપન્ન થવો જોઈએ પરંતુ અર્જુનને યુદ્ધના પ્રારંભ સમયે ઉત્સાહ ને બદલે ખેદ ઉત્તપન્ન થાય છે.( શ્લોક-૨૭) .

અર્જુન અંત ઘડીએ લડવાના સંકલ્પમાંથી ચળી જાય છે. એના ગાત્રો ઢીલા પડી જાય છે. મોહને કારણે વીર હોવા છતાં કાયર બનેલો અર્જુન બહાના બતાવે છે ( શ્લોક ૨૮ થી ૩૧).

પછી કહે છેઃ

" નથી હું ઈચ્છતો જીત, નહીં રાજ્ય , નહીં સુખો

રાજ કે ભોગ કે જીવ્યું , અમારે કામનું કશું?" ( શ્લોક ૩૨) .

આમ અર્જુન છેલ્લી ઘડીએ પાણીમાં બેસી જાય છે . અને કહે છે મારા સ્વજનો ને મારીને મળતાં રાજ્ય , ભોગ અને સુખનું કાંઈ પ્રયોજન નથી. ( શ્લોક ૩૩-૩૯) માં વ્યથા વ્યક્ત કરે છે .

૪૦ થી ૪૪ એમ પાંચ શ્લોક દ્વારા કુલક્ષય થી થતાં દોષો બતાવે છે. કુલક્ષય થાય ત્યારે સનાતન એટલે પ્રાચીન પરંપરા પ્રાપ્ત કુલધર્મ નો પૂરો નાશ. એટલે ફરીથી કુલધર્મનો ઉદય થવાનો સંભવ પણ રહેતો નથી.

અજ્ઞાન થી જાગેલો મોહ જ અર્જુનની આસક્તિનું કારણ છે . જેનાથી દ્વિધા અને સંઘર્ષ ઉભા થયા. તે અજ્ઞાન , મોહ અને આસક્તિથી ઘેરાય ગયો છે. તે સ્વધર્મ પણ ભુલ્યો છે . ૪૫-૪૬ શ્લોકમાં તેથી કહે છે .જો હિંસા કરવાથી ,સંહારથી ,અધર્મથી અમને વિજય ,રાજ્ય કે ઈન્દ્રિયોનું સુખ પણ મળે તો તે ઈચ્છનીય નથી . તો યુદ્ધનો મોહ શા માટે?

આમ કહીને રણમાં શોકથી ખિન્ન મનવાળો અર્જુન બાણસહિત ધનુષ તજી દઈ ને રથમાં બેઠો.( શ્લોક-૪૭) .

આમ અર્જુન વિષાદનો ભોગ બને છે. તેથી તે વૈરાગ્ય નું પ્રતીક છે. આ અર્જુનનું આર્તપણું અથવા આર્તિ દર્શાવે છે.

છેક છેલ્લી ઘડીએ ગાંડીવ મૂકી દઈને બેસી પડવામાં અર્જુનનો પલાયનવાદ છતો થાય છે . પણ કૃષ્ણ અર્જુનને બરાબર ઓળખે છે તેથી તેને સ્વધર્મનું ભાન કરાવવા મથે છે . સ્વધર્મ એટલે સહજ ધર્મ .અર્જુનનો સ્વધર્મ એનો ક્ષત્રિય ધર્મ છે. ક્ષત્રિય ધર્મમાં અહિંસાને કોઈ સ્થાન નથી.

આપણા સૌના વિષાદ ના મૂળમાં મોહ રહેલો છે. આખી દુનિયા મારું અને તારું (મામકા : પાંડવાઃ ) એમ બે ટુકડામાં વહેંચાય જાય છે. સત અને અસત વચ્ચે, દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચે સતત ચાલતી અથડામણોની આ કથા છે .

કૃષ્ણની ખૂબી એ છે કે વિષાદની આવી ઘેરી પળને તેઓ ગીતામૃતનું પાન કરવાનું નિમિત્ત બનાવી દે છે. અને બધા જ પ્રયત્નો પછી જે ન ટાળી શકાયું એવા યુદ્ધ માટે અર્જુનને તૈયાર કરવાનું આરંભે છે.

**લેખન : ભરત સાંગાણી**

### જીપીઆરડી સેલ, જીયુવીએનએલ દ્વારા

# આઇઆઇટી ગાંધીનગર ખાતે "ઇન સર્ચ ઓફ ક્રીએટીવ માઇંડ" વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું

ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (જીપીઆરડી) સેલ દ્વારા,આઇ.આઇ.ટી.ગાંધીનગર ખાતે, તા. ૩૦-૦૫-૨૦૨૩ ના રોજ તેના ઉર્જા ક્ષેત્રે સંશોધનાત્મક કાર્યો સંબધીત એક વર્કશોપનુ આયોજન કરવામાં આવેલ હતુ. ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલની સ્થાપના પાછળનો ઉદ્દેશ્ય પ્રોડક્ટ્સ અને સિસ્ટમ્સના નવિનીકરણ સાથે વિકાસ કરીને રાજ્યના અને સરવાળે રાષ્ટ્રના વિકાસના એન્જિનને વેગ આપવાનો છે. આ મુખ્ય હેતુ ને ધ્યાન માં રાખીને, સેલ દ્વારા "ઇન સર્ચ ઓફ ક્રીએટીવ માઇંડ" વિષય પર એક વર્કશોપનુ આયોજન કરવામાં આવેલ હતુ.આ વર્કશોપમાં, જીયુવીએનએલ હેઠળ ની ડિસ્કોમ્સના લાઇન સ્ટાફ અને આધિકારશ્રીઓ, જેટકો,જીસેક કૂંપનીસ,ઈપીશ્ડી વિભાગ,જીયુવીએનએલ ના અધિકાર ગણ વગેરે થઈ ને આશરે ૨૫૦ હાજર રહેલા હતા.આ વર્કશોપમાં આમંત્રીત મહેમાનોનુ, સેલના હેડ શ્રી જે બી ઉપાધ્યાય દ્વારા સ્વાગત કર્યા પછી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., વડોદરાના મેનેજીંગ ડીરેક્ટર માનનીયશ્રી જયપ્રકાશ શિવહરેૈંછજીના અધ્યક્ષતા માહાજર મહાનુભાવો એ દીપ પ્રાગટ્ય ને રાષ્ટ્ર ગાન કરી ને કાર્યક્રમ ને ખુલ્લો મૂકવા માં આવ્યો હત્તો. વર્કશોપ ની રૂપરેખા પ્રમાણે, જીપીઆરડી દ્વારા ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) તેમજ ય્ૈંૈ સાથે લાંબા ગાળા ના એમઓયુ કરવામાં આવ્યા. માનીનીય ડૉ. પંકજરાય પટેલ, વાઇસ ચાન્સેલર, જીટીયુઅને માનનીય શ્રી એચ. પી. કોઠારી, ડાઈરેક્ટર (ટેક્નિકલ), જીયુવીએનએલ દ્વારા એમઓયુ એક્સ્ચેંજ કરવામાં આવ્યા, આ એમઓયુ થી ભવિષ્ય માં જીટીયુ ના વિધ્યાર્થીઓ માટે ઉર્જા ક્ષેત્રે સંશોધન ના દ્વારા ખોલશે.. આ ઉપરાંત, માનનીય,મિસ. અલ્કા યાદવ,ડાઈરેક્ટરય્ૈંૈ અને માનનીય શ્રી એચ. પી. કોઠારી, ડાઈરેક્ટર (ટેક્નિકલ), જીયુવીએનએલ દ્વારા પણ એમઓયુ એક્સ્ચેંજ કરવામાં આવ્યા.આ પ્રસંગે,જીપીઆરડી, જીયુવીએનએલ ને જે ઉર્જા ક્ષેત્રે સંશોધન હાથ ધરવા બદલ,પેટંટ વિભાગ, ભારત સરકાર દ્વારા ત્રણ પેટંટ એનાયત કરવામાં આવી છેઅને આ સંશોધન માં પોતાનો અમુલ્ય ફાળો આપવા બદલ, શ્રી આર.બી.પટેલ, રિટાયર્ડ એસીઇ, યુજીવીસીએલઅને ભુતપૂર્વ જીપીઆરડી હેડશ્રી આર.બી.પટેલ,જીપીઆરડી ના શ્રી જતિન ઉપાધ્યાય, શ્રી. જે.એચ.બોરીસાગર, તેમજ શ્રી એસ.પી.રાઠોડ નું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા બહુમાન કરવામાં આવેલુ હતુ.આ વર્કશોપ નો મૂળ ઉદેશ્ય, ઉર્જા ક્ષેત્ર ના વિષય પર ચર્ચા, નવા વિચારો અને તેનાથી જ્ઞાન અને કૌશલ્યોને વધારવાનો હતો. જેને આગળ ધપાવતા, જીપીઆરડી દ્વારાઇનોવાટિવે આઇડિયા રજૂ કરવા માટે ના વેબ પ્લેટફોર્મ નું પણ ઉદઘાટન કરવામાં આવ્યું.માનનીય શ્રી તેજસ પરમાર, આઇએએસ, મેનેજિંગ ડાઈરેક્ટર, એમજીવીસીએલદ્વારા કાર્યક્રમ ના અંતમાં ઈનામ અને પ્રમાણપત્ર વિતરણકર્યું. આ પ્રસંગે,વર્કશોપમાં હાજરરહેનાર અને તેનેસફળબનાવવામાટેસહભાગી થનાર,તમામનોઆભાર વ્યક્તકરીને કાર્યક્રમને પુર્ણજાહેરકરવામાંઆવેલ.

# ગુજરાત સ્ટેમ ક્વિઝમા નેશનલ કક્ષા માં ઓમ પબ્લિક સ્કુલ ના ત્રણ વિદ્યાર્થી ઓ ઝળક્યા



ગુજકોસ્ટ દ્વારા આયોજિત ગુજરાત સ્ટેમ ક્વિઝ મા નેશનલ કક્ષાની સ્પર્ધા માં ઓમ પબ્લિક સ્કૂલ વતી પ્રતિનિધિત્વ કરી રહેલા સફળતા પ્રાપ્ત કરી શાળા નુ નામ રોશન કર્યું છે પાટણ જિલ્લા ના તાલુકા તાલુકા મથકે આવેલ ઓમ પબ્લિક સ્કુલ મા અભ્યાસ કરતા પટેલ હર્ષ - પટેલ તન્વી - પટેલ વિશ્વા દ્વારા ગુજકોસ્ટ દ્વારા આયોજીત ગુજરાત સ્ટેમ ક્વિઝ મા નેશનલ કક્ષાની સ્પર્ધા મા ઓમ પબલિક સ્કુલ વતી પ્રતિનિધત્વ કરી સફળતા પ્રાપ્ત કરી શાળા નું નામ રોશન કર્યું હતું

# અમેરિકાથી આજે પરત થતાં જ અભિલાષા ફ્લેટમાં રચાયેલ ગઝલ પેશેખિદમત હૈ

એમ થાઉં પગભર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.
ત્યાં વસાવું ઘર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.

એમ જળ બિંદુની માફક મારું હોવું હો જ ત્યાં,
છલકે ઘટ-ગાગર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.


આમ તો હું છું કબીરી વડ ગઝલના ગામનો,
પણ મળે પાદર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.

મારા આ હોવાની ઘટના શૂન્યથી છે આગવી,
છું ઘડી પળભર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.

ક્યારે નરસિંહ જેમ બંદી હું થયો છું નાતનો?
એ જ છું નાગર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.

મારી સદીઓની તપસ્યાનો છે કેવળ સાર એ,
એ જ હો વળતર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.

હું ગઝલ આરોહી છું "પરવેઝ" એ બ્રહમાંડનો,
એ ચડું દાદર કે જ્યાં હું હોઉં કંઈ પણ ના હો.



ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ' દીપ્તિ 'ગુરૂ'

# મોડાસા ખાતે પંજાબ નેશનલ બેંક દ્વારા ૨૪૧ માં એટીએમ નું ઉદઘાટન કરાયું....





**(પ્રતિનિધિ દ્વારા). મેઘરજ**

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આશરે આઠ વર્ષથી પંજાબ નેશનલ બેંકની શાખા કાર્યરત છે. સદર બેંકના એટી.એમ ની ગ્રાહકોની માંગને લઈ શાખા મેનેજર શ્રી સોહીત સોની દ્વારા ઉચ્ચ લેવલે ગ્રાહકોની લાગણી પહોંચાડતા

એચ.ઓ. દ્વારા અરવલ્લી જિલ્લામાં પંજાબ બેંક નું પ્રથમ એટી.એમ.મૂકવાનો નિર્ણય લેવાતા જેનુ ઉદ્ઘાટન પંજાબ બેંકના જનરલ મેનેજર શ્રી મહાપાત્રાની અધ્યક્ષતામાં અને ડેપ્યુટી મેનેજર અજય કુમાર તિબદેવાલે ની ઉપસ્થિતિમાં શહેરના સામાજિક કાર્યકર નિલેશભાઈ જોશીના હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે જનરલ મેનેજર શ્રી મહાપાત્રા એ પોતાના ઉદબોધન કિસાનો માટે ખાસ અધિકારી મૂકી બેંક દ્વારા તેમને મળતી જુદી જુદી વ્યવસ્થા કરવાની ખાત્રીઆપેલ અને સાથે સાથે સ્ટુડન્ટ લોન, હાઉસિંગ લોન માટે ઝડપી કાર્યવાહી થશે તેવી ખાતરી ઉચ્ચારેલ.આ કાર્યક્રમમાં જેસીસ કમિટીના ચેરમેન શ્રી નવનીત પરીખ એલ.આઇ.સી બ્રાન્ચ મેનેજર શ્રી અગ્રવાલ , એલ.આઇ.સી. સેલ્સ મેનેજર શ્રી પગી,તેમજ ઓટો શોરૂમ ના પ્રતિનિધિઓ ઉપરાંત ખાતેદારો ની ઉપસ્થિત રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ દિવ્યાંગ સેવાભાવી શ્રી અમિતભાઈ કવિએ ખૂબ જ શાનદાર રીતે કરેલ જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બેંક મેનેજર શ્રી સોહિત સોની એ તેમના સ્ટાફના સહયોગથી સંપન્ન કરી આભાર વ્યક્ત કરેલ...તસવીર અને અહેવાલ નરેન્દ્રભાઈ દવે .મેઘરજ

# કેએસપીસી દ્વારા નિર્ણય શકિત પર યાદગાર સેમિનાર યોજાયો....... અપૂર્વ મુનિ સ્વામી, હસુભાઈ દવે અને પ્રવીણદાન ગઢવીની પ્રેરક ઉપસ્થિતિ..........



કચ્છ સૌરાષ્ટ્ર એચ.આર.ફોરમ રાજકોટ, યુ.પી.એલ. યુનીવર્સીટી, અંકલેશ્વર, કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ (દ્ભજીંઝ), ભારતીય મઝદૂર સંઘના સંયુક્ત ઉપક્રમે ગત તા.૨૧.૦૫.૨૦૨૩ને રવિવારના રોજ પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રાજકોટ ખાતે એક ભવ્ય સેમિનાર"નિર્ણય શક્તિ દ્વારા સફળ જીવન અને સુખની ચાવી" વિષય પર યોજાયો હતો. જેમાં મુખ્યત્વે સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરની પ્રખ્યાત કંપનીઓના એચ.આર.પ્રોફેશનલ્સ, સર્વિસ પ્રોવાઈડરો તેમજ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આશીર્વચન અને આધ્યાત્મિક વિચારોના આદાન-પ્રદાન માટે મ્છૅજીના શ્રી પ્રખર અભ્યાસુ સંતશ્રી અપૂર્વમુની સ્વામીશ્રી, સ્વામી નારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ઉપરાંત મુખ્ય વક્તા તરીકે શ્રી પ્રવિણદાન ગઢવી, યુનિટ હેડ,યુપીએલ લીમીટેડ, વિષય અનુરૂપ ટીપ્પણીઓ માટે શ્રી હસુભાઈ દવે, પ્રમુખશ્રી કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ (દ્ભજીંઝ), ડૉ.સ્નેહલ લોખંડવાલા, ડીનશ્રી, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર દ્વારા ખાસ ઉપસ્થિત રહી સર્વેને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્ય આયોજકો સર્વ શ્રીદિલીપભાઈ પંચમીયા, સેક્રેટરીશ્રી,કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ (દ્ભજીંઝ), ડૉ.રાજુભાઈ દવે વિભાગીયવડા શ્રી,સમાજકાર્ય ભવન, શ્રી રાજેન્દ્રભાઈ ગઢવી, ડીપાર્ટમેન્ટ હેડ-રાજકોટ નાગરિક બેંક, શ્રી સહદેવસિંહ જાડેજા, પ્રમુખશ્રી,ભારતીય મઝદૂર સંઘ, ગુજરાત પ્રદેશ,તથા શ્રી ધર્મેશભાઈ પટેલ, રજીષ્ટ્રારશ્રી, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર વગેરે તરફથી સર્વે ઉપસ્થિત લોકોનું ઉષ્મા ભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શ્રી નરેન્દ્રભાઈ દવે,શ્રી વિજયભાઈ રાબડિયા, ઈદ્વજીમ્ના અગ્રણીઓ સર્વે શ્રી કિશોરભાઈ મુંગલપરા, શ્રી ધોળકિયાસાહેબ, ગીતાંજલી કોલેજના શ્રી શૈલેષભાઈ જાની, ભારતીય મજદૂર સંઘના સહ પ્રભારીશ્રી, શ્રી વાલજીભાઈ ચાવડા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં પ.પૂ.શ્રી અપૂર્વ મુનિ સ્વામીશ્રી દ્વારા વિધાર્થીઓ,વાલીઓ ઉપરાંત એચ.આર.પ્રોફેશનલ્સ સહિત તમામને વ્યક્તિતવ વિકાસ ઘડતર, શૈક્ષણિક ક્ષેત્રે તેમજ સામાજિક પાસાઓને ધ્યાને લઇ યોગ્ય નિર્ણય શક્તિના પાવરથી સરળતાથી આગળ વધી શકાય તેમજ ૐઈનું મહત્વ દરેક જગ્યાએ ઘરપરિવાર હોય કે મોટી કમ્પની કે કોઈ મોટા સામાજિક મેળાવડા હોય બધે જ મહ્ત્વનું છે.સાથે સાથે વિધાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે કોર્સ નક્કી કરતી વખતે પોતાની રુચિ અનુરૂપ પસંદગી કરવી જોઈએ, તેમજ વાલીઓ માટે પણ કોર્સ પસંદગી કરવી એક વિકરાળ પ્રશ્ન હોય તેઓને પણ વિવિધ દાખલાઓ આપી કઈ રીતે બાળકને તેના વિકાસમાં મદદરૂપ થઈ શકાય ઉપરાંત જીંદગીની નિષ્ફળતાઓ દરમ્યાન નાસીપાસ થયા વગર સત્તાત હકારાત્મકતાથી આગળ વધવું જોઈએ તે માટે ખાસ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી પ્રવિણદાન ગઢવી, યુનિટ હેડ, યુપીએલ લીમીટેડ,તથા ડૉ.સ્નેહલ લોખંડવાલા, ડીનશ્રી, યુપીએલ યુનિવર્સીટી,અંકલેશ્વર દ્વારા વિધાર્થીઓને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ કોર્સ વિષે માહિતગાર કરવા ઉપરાંત શ્રી પ્રવીણદાન ગઢવી દ્વારા સમાજમાં વિવિધ પાસાઓ પર યોગ્ય નિર્ણાયશક્તિ દ્વારા કેવી રીતે હેતુઓ પાર પાડી શકાય તેના વિષે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. તેઓ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રની જનતાને યુ.પી.એલ. યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસ્કર્મોમાં જોડાવવા અપીલ કરવામાં આવી હતી તથા જરૂરિયાતમંદ વિધ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે તે અંગે વિગતો આપવામાં આવી હતી. કાર્યક્રમમાં અગ્રણી શ્રી હસુભાઈ દવે, પ્રમુખશ્રી કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડ્કટીવીટી કાઉન્સિલ રાજકોટ (દ્ભજીંઝ), દ્વારા જી-૨૦ એ આંતરરાષ્ટ્રીય ઈકોનોમિક કો-ઓપરેશનનું અત્યંત મહત્વનુ ફોરમ છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મિષ્ટી' પ્રોજેક્ટ અંતર્ગત

# અમદાવાદના ધોલેરા તાલુકાના કાદીપુર-ખૂણ ગામમાં ચેરના વાવેતર સાથે કરાશે પર્યાવરણ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી

વિશ્વ પર્યાવરણ દિન એટલે ૫ જૂનના રોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશભરમાં 'મિષ્ટી' (મેન્ગ્રુવ ઈનિશિયેટિવ ફોર સોરલાઇન હેબિટેટ્સ એન્ડ ટેન્જિબલ ઈન્કમ્સ) પ્રોજેક્ટનો પ્રારંભ કરવા જઈ રહ્યાં છે, ત્યારે અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના કાદીપુર-ખૂણ ગામમાં પણ જન ભાગીદારીથી ચેરના વાવેતર થકી પર્યાવરણ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવશે. આ 'મિસ્ટી' પ્રોજેક્ટ પાછળનો હેતુ મેન્ગ્રુવ (ચેર) રોપા અંગે જાગૃતિ લાવીને તેને આખા દેશના મેન્ગ્રુવ પોટેન્શિયલ વિસ્તારમાં રોપણી કરાવીને સમૃદ્ધ તટીય વિસ્તારોને રક્ષણ પૂરું પાડવાનું છે. આ પ્રોજેક્ટના પ્રારંભ સાથે સમગ્ર ભારત દેશમાં ચેર વાવેતરનું મિશન મોડમાં વાવેતર શરૂ થશે. આ અંગે વાત કરતા અમદાવાદના નાયબ વન સંરક્ષણ, સામાજિક વનીકરણ વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકામાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩થી ચેર વાવેતર શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં અંદાજિત ૭,૦૦૦ હેક્ટરમાં ચેર વાવેતરની કામગીરી કરી દેવામાં આવી છે. સૌથી અગ્યતની વાત એછે કે, ચેર વાવેતર ક્ષારયુક્ત પવનોને રોકે છે અને



દરિયાને આગળ વધતો અટકાવવાની કામગીરી કરે છે. એટલું જ નહીં, વાવાઝોડા અને સુનામીની સામે રક્ષણ પણ આપે છે.

ચેરના છોડ કાર્બન ડાયોક્સાઈડનું શોષણ કરી ઓક્સિજન પૂરો પાડવાની કામગીરી પણ કરે છે, જેથી પર્યાવરણની સમતુલા જળવાઈ રહે છે. અમદાવાદના ધોલેરા તાલુકાના દરિયા કિનારે એવિશિનિયા મરિના નામની ચેર પ્રજાતિ જોવા મળે છે, જેનું ખૂબ જ સારું પરિણામ જોવા મળી રહ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, દરિયાકિનારાના પ્રદેશોમાં પર્યાવરણ સંરક્ષણ માટે ચેર ખૂબ જ મહત્ત્વનું હોવાથી કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા 'મિષ્ટી' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના 'મિષ્ટી' કાર્યક્રમ અંતર્ગત પાંચ વર્ષમાં (વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૮) સુધી નવ દરિયાકાંઠાના રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં આશરે ૫૪૦ ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લેવાશે.

# પાટણના વારાહીમાં એ.સી બી ની સફળ ટ્રેપ



પાટણ જિલ્લાના તાલુકા મથક સાંતલપુર ના વારાહી ખાતે લાંચ પેટે રૂપિયા ૩- ૫૦-૦૦૦ લેતા વારાહી પોલિસ મથક ના પોલિસ કોન્સ્ટેબલ સહિત એક ઈસમ એ સી. બી ના સટકા માં રંગે હાથે ઝડપાઇ જવા પામ્યા છે. આ અંગે ની માહિતી મુજબ વારાહી પોલીસ મથકે નોંધાઈ લી ફરીયાદ સીઆરપીસી ૪૧-૧ (ઢ) મા શકમંદ આરોપી તરીકે નામ નહી ખોલવા માટે વારાહી પોલિસ મથકના પોલીસ કોન્સ્ટેબલ હરિસિંહ સરદાર સિંહ વાધેલા પોલીસ કોન્સટેબલ વારાહી એ રૂપિયા ત્રણ લાખ પચાસ હજારની લાંચ માગવા માં આવી હતી તેથી આરોપી ને આ મંજુર ન હોઈ આરોપી દ્વારા લાંચ રૂસ્વત વિરોધી ખાતા નો સંપર્ક કરી ૧૦૬૪ પર કોલ કરતા શ્રી વી એસ વાધેલા પોલિસ ઈસ્પેક્ટ કચ્છ (પૂર્વ) એ.સી બી પોલિસ સ્ટેશન ગાંધીધામ દ્વારા સટકુ ગોઠવ્યુ હતુ જે અનુસંધાને આરોપી દ્વારા લાંચની રકમ કોરડા જુના બસ સ્ટેન્ડ ખેડૂત એગ્રો ની દુકાન માં વારાહી તા. સાંતલપુર જી.પાટણ ખાતે લેવા માટે આવતા ઈકબાલ ખાન કરીમ ખાન (સુમાલજી) મલેક ને રંગે હાથે ઝડપી બન્ને વિરુધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે સમગ્ર ટ્રેપનું સુપર વિઝન શ્રી કે એ ચ ગોહિલ મદદનીશ નિમાયક બોર્ડર એકમ દ્વારા કરવામાં આવ્યું હતુ

# ૩ જૂન, "વિશ્વ સાઈકલ દિવસ"



સાધન રહ્યુ. જે આજે પણ અમુક અંશે યથાવત છે. દૂધ વેચનાર માટે પણ સાઈકલ એક મહત્વપૂર્ણ સાધન છે અને પ્રમાણમાં ઓછી આવક ધરાવતા મજૂરો માટે પણ તે ઉત્તમ વાહન છે. અત્રે ઉલેખ્ખનીય છે કે ભારત સરકારનાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા પોતાના સ્વાસ્થ્યની રક્ષા માટે સતત સાયકલનો ઉપયોગ છેલ્લા ઘણા વર્ષોથી કરી રહ્યા છે. સાયકલ ચલાવવાનાં ઘણા ફાયદા છે માટે તો તેને સોના સાથે સરખાવવામાં આવ્યું છે.

- દરરોજ અડધો કલાક સાયકલ ચલાવવાથી સ્થૂળતા, ખાસ કરીને પેટની ચરબી ઓછી

## સાઈકલ સાઈકલ, મારી સોનાની સાઈકલ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ સત્તાવાર "વિશ્વ સાયકલ દિવસ" ૩ જૂન, ૨૦૧૮ ના રોજ ઉજવવામાં આવ્યો. ભારતમાં પણ છેલ્લા ઘણા વર્ષથી આ દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. પરિવહન માટેનાં એક સરળ, વ્યાજબી, વિશ્વસનીય અને વાતાવરણની સુરક્ષાને પ્રોત્સાહિત કરતા સાધન સાઈકલનું મહત્વ લોકો સુધી પહોંચાડવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. યુરોપિયન દેશોમાં સાયકલનો ઉપયોગ કરવાનો વિચાર ૧૮મી સદીનાં અંતમાં જ લોકોના મગજમાં આવી ગયો હતો. જો કે, પ્રથમ વર્ષ ૧૮૧૬ માં, પેરિસિયન કારીગરે તેને એક આકૃતિનું રૂપ આપ્યુ. એ વખતે તેને હોબી હોર્સ એટલે લાકડીનો ઘોડો કહેવામાં આવતું હતું અને ત્યારબાદ ૧૮૬૫ માં સાઈકલનું મૂળ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું. ભારતમાં સાયકલે આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી. આઝાદી પછી ઘણા દાયકાઓ સુધી સાયકલ ટ્રાફિકનો મહત્વનો ભાગ રહી. ૧૯૬૦ થી ૧૯૯૦ ના દાયકા સુધી ભારતમાં મોટાભાગનાં પરિવારો પાસે સાયકલ હતી. એ સમયે તે એક મહત્વપૂર્ણ અને વ્યાજબી સાધન હતું. ભારતીય ટપાલ ખાતાની આખી સિસ્ટમ સાયકલથી ચાલતી હતી. આજે પણ પોસ્ટમેન સાયકલ દ્વારા પત્રો વહેંચે છે. સાયકલ ગામડાઓમાં ખેડુતો માટે બજાર સુધી પાકને પહોચાડવાનું થાય છે.

- દરરોજ સવારે સાયકલ ચલાવવાથી તાજી હવા પણ મળે છે અને તમારી ફિટનેસને જાળવી રાખે છે.
- સાયકલ ચલાવવાથી રોગપ્રતિકારક શક્તિ પણ સારી રહે છે. એક અહેવાલ મુજબ, સાયકલ ચલાવવાથી ઈમ્યૂન સેલ્સ એક્ટિવ થઈ જાય છે જે રોગનું જોખમ ઘટાડે છે.
- એક શોધ મુજબ, રોજ ૩૦ મિનિટ સાયકલ ચલાવવાથી વ્યક્તિનું મગજ સામાન્ય વ્યક્તિ કરતા વધુ સક્રિય રહે છે અને બ્રેન પાવરમાં પણ ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય છે.
- સાયકલમાં ડીઝલ અથવા પેટ્રોલની જરૂર રહેતી નથી અને સ્વાસ્થ્ય પણ જળવાય છે. તેનાથી પ્રદૂષણ ફેલાતું નથી માટે તે પર્યાવરણ માટે પણ અનુકૂળ છે.

**મિત્તલ ખેતાણી**

# રાજ્ય સરકારના કાયદા મંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં કાયદા વિભાગની સમીક્ષા બેઠક સંપન્ન



રાજ્ય સરકારના કાયમદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે કાયદા વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાયદા વિભાગની મહત્વની બાબતો, અગત્યના પ્રશ્નો, કામગીરીની સમસ્યાઓ અને પડકારો સંલગ્ન વિવિધ મુદ્દે વિગતવાર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારના કાયદા વિભાગ અંતર્ગતના મહેકમ, રાજયની કોર્ટની માળખાકીય સુવિધાઓ, સવલતો અને તેના સુદ્રઢીકરણ માટેની જરૂરિયાતો તેમજ રાજયમાં ન્યાયિક પ્રક્રિયાના ડિજીટલીકરણ પણ ગહન ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

કાયદા વિભાગ અંતર્ગત કાર્યરતનો વ્યાપ વધારીને તાલુકા અને જિલ્લા સ્તર સુધી કરવા માટે જરૂરી ચર્ચા હાથ ધરાઇ હતી.કાયદા વિભાગ અંતર્ગતના ચેરિટી તંત્ર અને વકફ બોર્ડ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અને પ્રવર્તમાન સ્થિતિ અંગે પણ આ બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

વધુમાં આ બેઠક અંતર્ગત ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન(ફ઼ૈ) ની કામગીરીનું મુલ્યાંકન પણ કરવામાં આવ્યું હતુ.

મંત્રીશ્રીએ આ સમીક્ષા બેઠકમાં કાયદા વિભાગની પ્રવર્તમાન કામગીરીના સુદ્રઢીકરણ અને સુચારૂ વ્યવસાપન માટેના જરૂરી સુચનો પણ કર્યા હતા.

સમીક્ષા બેઠકમાં કાયદા વિભાગના સચિવ શ્રી પી.એન.રાવલ, વિભાગના વડાઓ, સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# શ્રી વી.આર.પટેલ ઉ.મા.શાળા, પાટણ નું ઉત્કૃષ્ટ પરિણામ" સમગ્ર જિલ્લામાં મોખરેનું સ્થાન ધરાવતી શાળા



નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ' સંચાલિત પી.પી.જી.એક્સપેરીમેન્ટલ હાઈસ્કૂલ અને

શ્રી વી.આર.પટેલ ઉ.મા.શાળા, પાટણ નું ઉત્કૃષ્ટ પરિણામ" સમગ્ર જિલ્લામાં મોખરેનું સ્થાન ધરાવતી શાળા

છ૧ ગ્રેડ જિલ્લામાં ૨૦ પૈકી ૫ વિદ્યાર્થી આ શાળાના છ ૨ ગ્રેડ ૧૭ વિદ્યાર્થીઓ આ શાળાનાશાળા સમગ્ર જિલ્લામાં હંમેશા મોખરે રહેલ છે.શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર અને ટોચનું સ્થાન ધરાવતી પી. પી.જી.એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ આજે પણ ઉત્કૃષ્ટ પરિણામ મેળવેલ છે. સમગ્ર પાટણ જીલ્લામાં છ૧ ગ્રેડ મેળવનાર ૨૦ વિદ્યાર્થીઓ પૈકી આ શાળાનો વિદ્યાર્થી શાહ માહી અલ્પેશ ૭૦૦ માંથી ૬૫૧ ગુણ મેળવી ૯૯.૯૩ઈ (છ૧ ગ્રેડ)સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવેલ છે.દ્રર્પ્ઈજી (નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ સંચાલિત) કેમ્પસના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરશ્રી ડો. જે. એચ. પંચોલી સર, શાળાના આચાર્યથી ધનરાજભાઈ કે. ઠક્કર તથા સમગ્ર શાળા પરિવારે સુંદર પરિણામ મેળવનાર સૌ કોઈ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકગણની સમગ્ર ટીમને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.....

## મળે

પ્રેમાતુર બદન રાતે પળપળ મળે,<br>
ને ચાદરમાં એક પણ સળ ન વળે.

વનિતા વહેવા ને ડૂબવા તૈયાર હોય,<br>
ને પ્રતિસાદ ન મળે,શંકાને બળ મળે.

પહેલાની એબ હોય તો સમજ્યા ભૈ,<br>
લગ્ન પછી કંઈકની અફવાને વળ મળે.

પ્રિય પાત્ર ક્યાં સુધી અભાવમાં તરફડે,<br>
ભાગ્યશાળીને ભૂત રળે તેને તળ મળે.

થોડી હૂંફ ને સહાનુભૂતિ સાથે દવા કરાવો,<br>
શક્ય છે કે ચિકિત્સાનું અકસીર જળ મળે.

**ભરત વૈષ્ણવ**

## દાદાનો કોપ??

**નામ મનુબાપા. આ નામથી જ શેરીમાં જાણીતા. અસલી નામ કોઈને ખબર નહી. બાપનું નામ ખબર નહી. અટકની પણ ખબર નહી પછી શાખ, ગૌત્ર,દ્વારાની કોને ખબર હોય?ગામનું નામ ખબર નહીં. પરણેલા કે અપરિણીત ખબર નહી.કેટલા વરસથી અહીં રહે તેની પણ ખબર નહી . ટુંકમા મનુબાપા એટલે મિસ્ટરી.મિસ્ટરી એટલે મનુબાપા!!**

**મનુબાપા કેટલા વરસથી કુંડલે રહેતા હતા ,તેની ખબર નહીં.બટારવાડીમાં પાંચ બાય પાંચની પતરાની ખોલીમાં રહેતા હતા. ખોલી બની ક્યારે પતરાંનો રંગ દેખાતો હતો. હવે કાટખાઉ ઘેરા બ્રાઉન રંગની થઈ ગયેલી. ખોલીમાં વીજળી ન હોય એટલે ઉનાળામાં પરસેવે રેબઝેબ.મનુબાપા કોઈ ખાસ કા મ કરતા નહી .એનો ગુજારો કેમ ચાલે એ પણ સવાલ !!**

**મનુબાપા જન્મથી અંધ હશે કે તે તો મારો રામ જાણે! તેમની સાથે લાભુબા રહેતા. કદાચ વિસ્તારની પ્રથમ લીવ ઈન રીલેશન હશે.!!**

**સાચું ખોટું તો રામ કે રહીમ જાણે.**

**મનુબાપા ક્યાંક ગામડાગામના હનુમાન મંદિરમાં પુજાપાઠ કરતા. મંદિર ગામની માલિકીનું . મનુબાપાને દાણોપાણી મળી રહેતા. આમ, તેમનું ગાડું ગબડતું હતું. ગામલોકો પળી બે પળી તેલ દાદાને ચડાવવા માટે આપી જતા. મનુબાપાયે માટીનું રમકડું ને?**

**મનુબાપામાં કળિયુગ પ્રવેશ્યો હશે, બીજું શું ? દાદાને ચડાવવા મળેલ તેલમાંથી મોડી રાત્રે ભજિયા તળી જયાફત ઉડાવી. અંધશ્રદ્ધા કહે કે દાદાનો કોપ. બીજા દિવસે મનુબાપાની આંખોની રોશની જતી રહી. ગામલોકોએ ધક્કા મારી મનુબાપા અને લાભુબાને કાઢી મુક્યા.**

**ત્યારથી મનુબાપા અહીં છે. મનુબાપાની વાત ચાલીસ-પિસ્તાળીસ વરસ પહેલાની છે. કદાચ સ્થૂળદેહે મનુબાપા નહી હોય. અલબત, સ્મૃતિદેહે જીવંત છે. હવે વિકાસના વાવાઝોડામાં મનુબાપાની પતરાની ખોલી ઝીંક ઝીલી શકી ન હોય!!**

**ભરત વૈષ્ણવ**

# એક જાજરમાન જોરદાર જબરદસ્ત અભિનેત્રી નરગીસ

બૉલીવુડમાં કેટલી સશક્ત અભિનેત્રીઓ છે એમાં તમને નરગિસનું નામ પહેલું મૂકવું પડે .નરગિસનું મુળ નામ ફાતેમાં રશીદ હતું ૧ લી જૂન ૧૯૨૯ ના રોજ નરગિશનો જન્મ થયો હતો

નરગીશે કૉમેડીથી માંડીને સાહિત્યકૃતિ આધારિત ફિલ્મોમાં યાદગાર અભિનય આપ્યો છે

આપણા બીલીમોરાના મહેબૂબની ફિલ્મ મધર ઈન્ડિયામાં માત્ર ૨૮ વરસની ઉંમરે વૃદ્ધાનો રાધાનો યાદગાર રોલ કર્યો હતો મધર ઈન્ડિયા ઓસ્કાર માટે ભારતની પહેલી એન્ટ્રી ફિલ્મ હતી નરગિશને શ્રેષ્ઠ ફિલ્મ અભિનેત્રીનો ફિલ્મફેર પુરુષકાર પણ મધર ઈન્ડિયા માટે મળ્યો હતો

નરગિસનું સારા સ્વીમર સારું ક્રિકેટ રમી શકતા હતા

મધર ઈન્ડિયા ફિલ્મનું શુટિંગ ચાલતું હતું અચાનક સેટ પર આગ ફાટી નીકળી હતી આગમાંથી નરગિશને ફિલ્મમાં નરગીસના પુત્રનો રોલ કરતા સુનિલદતે નરગીસને બચાવી હતી .પાછળથી નરગીસ સુનિલદતના લગ્ન થઈ ગયા હતા કારકિર્દીની ટોચ પર હોવા છતાં સફળ અભિનેત્રી હોવા છતાં નરગીસે લગ્ન પછી ફિલ્મોમાં કામ કરવાનું બંધ કર્યું

સુનીલ અને નરગીસને બે પુત્રીઓ અને એક પુત્ર છે પુત્રી નમ્રતા રાજેન્દ્રકુમારના પુત્ર કુમાર ગૌરવને પરણી છે બીજી પુત્રી પ્રિયા દત સક્રિય રાજનીતિમાં છે કોંગ્રેસના સાંસદ પણ રહી ચૂક્યા



છે પ્રિયા રાજકારણી હોવા ઉપરાંત સામાજિક કાર્યકર પણ છે.પુત્ર સંજય દત્ત એક સફળ અભિનેતા છે સુનિલ દત પોતે એક સારા અભિનેતા હતા કોંગ્રેસ સરકારમાં રમતગમત ખાતાના મંત્રી પદે રહી ચૂક્યા છે ઘણી પદયાત્રાઓ કરી છે એક નેકદિલ ઉમદા ઈન્સાન હતા.

નરગીસ ૧૯૮૦ માં રાજયસભામાં પણ નિમણૂક પામ્યા હતા પતિ સુનિલ સાથે અજંતા ગ્રુપ બનાવી અનેક સામાજિક કાર્યો કર્યા છે ખાસ કરીને રાતદિવસ બોર્ડર પર તૈનાત આપના જવાનો માટે સરહદ પર જઈ મનોરંજક કાર્યક્રમો કર્યા છે

નરગીસની યાદગાર ફિલ્મોમાં મધર ઈન્ડિયા ચોરી ચોરી અંદાઝ બરસાત જાગતે રહો આવારા શ્રી ૪૨૦ અંહોની ગણી શકાય

નરગીસના યાદગાર ગીતોમાં<br>
જાના થા હમ સે દુર<br>
છોડ બાબુલ કા ઘર<br>
તું કહે અગર જીવનભર<br>
હોલી આઈ રે<br>
યે સામ કી તનહાઈ<br>
દુ:ખભરે દિન બીતે રે ભૈયા<br>
નગરી નગરી દ્વારે દ્વારે<br>
રવૈયા વત્તા વૈયા<br>
આજા સનમ મધુર ચાંદની મેં<br>
વિગેરે ગણી શકાય

અબ્બાસભાઈ કૌકાવાલા<br>
સુરત<br>
૯૩૭૬૯ ૮૧૪૨૭

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.